ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# અનુસ્નાતક અધ્યાપકોના KCG કાર્યક્રમ અંગેના અભિપ્રાયો

કારેલિયા અશ્મિ

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ KCG કાર્યક્રમ અંગે અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવાનો હતો. નમુના તરીકે રાજકોટ જિલ્લાની ૬૭ વિદ્યાશાખાઓમાંથી ૩૭ અધ્યાપકો, ૩૦ અધ્યાપિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ માટે તૈયાર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરીને અભિપ્રાયવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. શતમાન પદ્ધતિ દ્વારા માહિતીનું વિશ્લેષ્ણ કરવામાં આવ્યું હતું. જેના તારણો મુજબ સ્ત્રી અધ્યાપકો KCG કાર્યક્રમ તરફ વધુ ઝોક ધરાવતા હતા. KCG કાર્યક્રમ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરાવતા અધ્યાપકોના અભિપ્રાયો સમાન ન હતા. શહેરી વિસ્તારના અધ્યાપકો KCG કાર્યક્રમ પ્રત્યે વધુ ઝોક ધરાવતા હતા.

૧.0 પ્રાસ્તાવિક

કોઇપણ રાષ્ટ્રના વિકાસની પ્રગતિનો આધાર શિક્ષણ પર રહેલો છે. સમયાંતરે આવતા પરિવર્તનોની સાથોસાથ શિક્ષણમાં પણ દિવસે ને દિવસે નવીનીકરણ લાવવા માટેના પ્રયત્નોના ભાગરૂપે જ વિવિધ યોજનાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અને સુધારણા માટેનો એક પ્રયાસ એટલે KCG કાર્યક્રમ.

KCG એ ઉચ્ચ શિક્ષણ દ્વારા વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવેલો મહત્વનો કાર્યક્રમ છે જે અંતર્ગત પ્રયોજક KCG કાર્યક્રમ હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ અંગે વિદ્યાશાખાના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવા સંશોધન કરવા પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવા વિચાર્યું.

૨.0 અભ્યાસના હેતુઓ

૧. KCG કાર્યક્રમ અંતર્ગત વિવિધ યોજનાઓ અંગેના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો તપાસવા માટે અભિપ્રાયવલીની રચના કરવી.

૨. KCG કાર્યક્રમ અંગેની અભિપ્રાયવલીનો ઉપયોગ કરી અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો તપાસવા.

3.0 સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં KCG કાર્યક્રમ રાજકોટ જિલ્લાની વિવિધ વિદ્યાશાખાઓના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવા પ્રયત્ન કર્યા હતા. જેથી કહી શકાય કે, સંશોધનનું ક્ષેત્ર 'ઉચ્ચ-શિક્ષણ'નું હતું.

૪.૦ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનના ગુણ, લક્ષણો જોતા તેને વ્યવહારુ સંશોધન તરીકે સ્વીકારેલું હતું તથા પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી હતી. આ દ્રષ્ટિએ પ્રસ્તુત અભ્યાસનો સંખ્યાત્મક સંશોધનમાં પણ સમાવેશ કરી શકાય.

૫.૦ અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ પ્રમાણે હતા.

૧. KCG કાર્યક્રમ અંગેના વિવિધ વિદ્યાશાખાઓના અનુસ્નાતક અધ્યાપકો અને અધ્યાપિકાઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

૨. KCG કાર્યક્રમ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરાવતા અનુસ્નાતક અધ્યાપકોના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

૬.૦ પદોની વ્યવહારુ વ્યાખ્યા

પ્રયોજક પોતાના સંશોધનમાં આવરેલ ચલો તેમજ મુખ્ય પદોની વ્યવહારુ વ્યાખ્યા કહે છે. પ્રસ્તુત અભ્યાસમાં લેવાયેલ કેટલાક વિશિષ્ટ પદો જે અર્થમાં વપરાયા હતા તે સ્પષ્ટ આ પ્રમાણે છે.

KCG

નોલેજ કોન્સેર્ટિયમ ઓફ ગુજરાત એ ઉચ્ચ શિક્ષણ દ્વારા હાથ ધરવામાં આવેલ એક એવો કાર્યક્રમ છે જેનો હેતુ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકસાવવાનો છે.

અભિપ્રાય

કોઇપણ વસ્તુ, વ્યક્તિ, ઘટના કે પ્રસંગો પ્રત્યે પોતાના વિચારો એટલે કે સહમતી કે અસહમતી દર્શાવવી એટલે અભિપ્રાય.

૭.0 અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ આ મુજબ આંકી શકાય.

0૧. KCG કાર્યક્રમ અંતર્ગત ઉપકરણ તરીકે અનુસ્નાતક અધ્યાપકો પાસેથી અભિપ્રાયો મેળવવા અભિપ્રાયવલી ઉપલબ્ધ થશે.

0૨. આ ક્ષેત્રે ભવિષ્યમાં સંશોધન કરવા માંગતા સંશોધકોને સંદર્ભ તરીકે ઉપયોગી બનશે.

03. KCG કાર્યક્રમ અંગેના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાય જાણી શકાશે.

૮.૦ પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રમાણેની મર્યાદાઓનો સ્વીકાર કરવામાં આવેલો હતો.

૧. પ્રસ્તુત સંશોધનમાં નમુના તરીકે રાજકોટ જિલ્લાની વિદ્યાશાખાઓના અનુસ્નાતક અધ્યાપકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨. પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ જિલ્લાની ઉચ્ચ વિદ્યાશાખાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

૯.૦ વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે રાજકોટ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રાજકોટ જિલ્લાની ૬૭ શાખાઓમાંથી ૩૭ અધ્યાપકો અને ૩૦ અધ્યાપિકાઓને નમુના તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. આકસ્મિક નમુના પસંદગી પદ્ધતિથી નમુનો પસંદ કરવામાં આવ્યો હતો.

VIDHYAYANA

૧૦.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ KCG કાર્યક્રમ અંગેના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવાનો હતો. તેથી પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિની પેટા પદ્ધતિઓ પૈકીની સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલો હતો.

૧૧.૦ ઉપકરણ સંરચના

સંશોધનના હેતુઓને અનુરૂપ KCG કાર્યક્રમ અંગેના અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવાનો હતો. તેથી પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલો હતો.

૧૨.૦ માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ KCG કાર્યક્રમ અંગે અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયો જાણવાનો હતો આથી પ્રયોજકે અભિપ્રાયવલીનો ઉપયોગ કર્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે પ્રયોજકે સર્વપ્રથમ નમુનામાં સમાવિષ્ટ શાળાઓના આચાર્યશ્રીઓની પૂર્વમંજૂરી લઇ મહિતી એકત્રીકરણ માટે સમય મેળવેલો હતો. શિક્ષકોની રૂબરૂ મુલાકાત લઇ સંશોધનના હેતુ અંગેની જાણ કરી યોગ્ય સૂચનાઓ સાથે અભિપ્રાયવલી પરના અભિપ્રાયો મેળવવામાં આવેલા હતા.

૧૩.૦ માહિતી પૃથક્કરણ

અંતિમ સ્વરૂપની અભિપ્રાયવલી દ્વારા મળેલ માહિતીનું ગુણાંકન કરીને દરેક પાત્રના કુલ ગુણ મેળવવામાં આવ્યા હતા. પ્રયોજકનો હેતુ KCG અંગેના અધ્યાપકોના અભિપ્રાયો જાણવાનો હતો જે માટે શતમાન પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. દરેક વિધાનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાં બે વિભાગમાં માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સારણી -૧

KCG કાર્યક્રમ અંગેના વિધાનોના સંદર્ભમાં અનુસ્નાતક અધ્યાપકોના પ્રતિચારોની સંખ્યા અને શતમાન

| ક્રમ | વિધાનો | પ્રતિચાર સંખ્યા | | શતમાન | |
|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના |
| ૦૧ | તમારે ત્યાં પાયાગત પસંદગીના અને મુળભુત અભ્યાસક્રમો છે? | ૬૨ | ૦૫ | ૯૨.૫૪ | ૭૩.૪૬ |
| ૦૨ | શું આપની વિદ્યાશાખા દ્વારા KCG કાર્યક્રમો માટેની માહિતી આપતા કાર્યક્રમો થયા છે? | ૬૦ | ૭ | ૮૯.૫૫ | ૧૦.૪૫ |
| ૦૩ | નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે KCG કાર્યક્રમો થયેલા છે? | ૬૭ | ૦ | ૧૦૦ | ૦ |
| ૦૪ | શું વિદ્યાર્થીઓનું મુલ્યાંકન સતત બહુવિધ પદ્ધતિ દ્વારા થયેલું છે? | ૬૭ | ૦ | ૧૦૦ | ૦ |
| ૦૫ | નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે સપ્તધારા માહિતી આપતા કાર્યક્રમો થયા છે? | ૫૪ | ૧૩ | ૮૦.૬ | ૧૯.૪ |
| ૦૬ | સપ્તધારાની વિવિધ પ્રવૃતિઓ કરવા માટે જરૂરી સુવિધાઓ અધ્યાપકો/ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે? | ૫૬ | ૧૧ | ૮૩.૫૮ | ૧૬.૪૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭ | વિદ્યાર્થીઓની રુચિ પ્રમાણે શું તમારી સંસ્થા સપ્તધારાની પ્રવૃતિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે? | ૬૭ | ૦ | ૧૦૦ | ૦ |
| ૦૮ | શું તમારી સંસ્થાએ સપ્તધારા માટેની નાની વિડિઓ તૈયાર કરી છે? શું ઇન્ટરનેટ યુ-ટ્યુબ દ્વારા તેને અદ્યતન કરવામાં આવ્યું છે? | ૨૪ | ૪૩ | ૩૫.૮૨ | ૬૪.૧૮ |
| ૦૯ | કોલેજના વર્ગખંડોમાં સગવડો આપવામાં આવે છે? | ૪૯ | ૧૮ | ૭૩.૧૩ | ૨૬.૮૭ |
| ૧૦ | તમે કોલેજના સમયપત્રક સુચિની બાજુમાં સંધાન સમયપત્રક દર્શાવ્યું છે? | ૪૩ | ૨૪ | ૬૪.૧૮ | ૩૬.૮૨ |
| ૧૧ | શું સંસ્થાના સમયપત્રકમાં સંધાનના પત્રકને જોડી દેવામાં આવ્યું છે? | ૨૮ | ૩૯ | ૪૧.૭૯ | ૫૮.૨૧ |
| ૧૨ | શું તમારી સંસ્થાએ સંધાન કાર્યક્રમની D.V.D. ખરીદી છે? | ૨૦ | ૪૭ | ૨૯.૮૨ | ૭૦.૧૫ |
| ૧૩ | શું વિદ્યાર્થીઓના સ્પીકરો સાથેના ટોલ ફ્રી ફોન અને અરસપરસ, રૂબરૂ સંવાહન પ્રત્યેય પ્રતિભાવો આપે છે? | ૦૮ | ૫૯ | ૧૧.૯૪ | ૮૮.૦૬ |
| ૧૪ | શું તમારી કોલેજમાં કોઇ અધ્યાપક પી.એચ.ડી.ની પદવી ધરાવે છે? | ૫૬ | ૦૯ | ૮૬.૫૭ | ૧૩.૪૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | શું તમારી કોલેજમાં કોઇ શિક્ષકે કોઇ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે? | ૧૮ | ૪૯ | ૨૬.૮૭ | ૭૩.૧૩ |
| ૧૬ | નાણાકીય સહાય કરતી કોઇ સંસ્થા સમક્ષ તમારી કોલેજની મોટી/નાની સંશોધન યોજના રજૂ કરી છે? | ૧૫ | ૫૨ | ૨૨.૩૯ | ૭૭.૬૧ |
| ૧૭ | નાણાકીય સહાય કરતી કોઇ સંસ્થા દ્વારા સહાય પામતા અધ્યાપકે કોઇ સંશોધન કાર્ય કરેલ છે? | ૨૮ | ૩૯ | ૪૧.૭૯ | ૫૮.૨૧ |
| ૧૮ | શું તમારી કોલેજમાં પી.એચ.ડી. ગાઇડની માન્યતા ધરાવતા અધ્યાપકો છે? | ૫૭ | ૧૦ | ૨૮.૦૭ | ૧૪.૯૩ |
| ૧૯ | સંશોધન સામાયિકમાં તમારી કોલેજના કોઇ શિક્ષકનો સંશોધનલેખ પ્રસિદ્ધ થયો છે? | ૫૬ | ૧૧ | ૮૩.૫૮ | ૧૬.૪૨ |
| ૨૦ | શું તમારી કોલેજના કોઇ અધ્યાપકે KCGની સંશોધન દરખાસ્ત કાર્યશાળામાં ભાગ લીધો છે? | ૪૫ | ૨૨ | ૬૭.૧૬ | ૩૨.૮૪ |
| ૨૧ | શું શિક્ષકોએ KCGના સ્થાનિય તાલિમ અને આવડતવૃદ્ધિ કાર્યક્રમમાં ભાગ લીધો છે? | ૪૧ | ૨૬ | ૬૧.૧૯ | ૩૮.૮૧ |
| ૨૨ | શું તમારી સંસ્થામાં હજુ અધ્યાપકોને આવા KCG કાર્યક્રમમાં ભાગ લેવાનો બાકી છે? | ૨૦ | ૪૭ | ૨૯.૮૫ | ૭૦.૧૫ |

VIDHYAYANA

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | સંધાન દ્વારા કોઇ શિક્ષકોએ સેટેલાઇટ આધારિત તાલિમ અને આવડત વૃદ્ધિ કાર્યક્રમોમાં ભાગ લીધો છે? | ૪૬ | ૨૧ | ૬૭.૬૬ | ૩૧.૩૪ |
| ૨૪ | શું તમારી કોલેજમાં ઉડીસા ક્લબ અને સમિતિ સ્થાપિત થઇ છે? | ૬૩ | ૦૪ | ૯૪.૦૩ | ૦૫.૯૭ |
| ૨૫ | શું તમારી કોલેજને ઉડીશા માટેની રૂપિયા પાંચ હજારની ગ્રાંટ મળી છે? | ૪૧ | ૨૬ | ૬૧.૧૯ | ૩૮.૮૧ |
| ૨૬ | શું તમારી સંસ્થા વિદ્યાર્થીઓ માટે જીવન આવડતો અને કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો કરે છે? | ૫૭ | ૧૦ | ૭૫.૦૭ | ૧૪.૯૬ |
| ૨૭ | શું તમારી સંસ્થાએ વિદ્યાર્થીઓની મૂળભૂત માહિતી તૈયાર કરેલ છે? | ૪૩ | ૨૪ | ૬૪.૧૮ | ૩૫.૮૨ |

VIDHYAYANA

સારણી – ૧નો અભ્યાસ કરતા જણાય છે કે, અનુસ્નાતક અધ્યાપકોએ આપેલા પ્રતિચારોને મળેલ શતમાનના આધારે ચકાસવામાં આવ્યા હતા.

વિધાનો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ માટેના પ્રતિચારો હકારાત્મક જોવા મળ્યા હતા. જ્યારે વિધાનો ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૨૨ માટેના પ્રતિચારો નકારાત્મક જોવા મળ્યા હતા.

આમ, કુલ ૧૭ વિધાનોમાંથી ૧૯ વિધાનોમાં હકારાત્મક અને ૦૮ વિધાનોમાં નકારાત્મક પ્રતિચારો મળ્યા હતા.

જેનું શતમાન અનુક્રમે ૫૭.૩૧% અને ૪૨.૬૯% હતું.

પ્રયોજકે અભિપ્રાયવલી દ્વારા શહેરી અને ગ્રામ્ય વિદ્યાશાખામાં અનુસ્નાતક અધ્યાપકો અને અધ્યાપિકાઓ પાસેથી અભિપ્રાયો મેળવ્યા હતા. મેળવેલ અભિપ્રાયોનું શતમાન દ્વારા કુલ બે વિભાગોમાં પૃથક્કર કરવામાં આવ્યું હતું જે આ મુજબ હતું.

૧. જાતિયતા અનુસાર અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયોનું પૃથક્કરણ.

૨. વિસ્તાર અનુસાર અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયોનું પૃથક્કરણ.

પ્રયોજકે KCG કાર્યક્રમ અંગેના અભિપ્રાય જાણવા માટે અભ્યાસ હાથ ધર્યો હતો. તેમાં જાતિયતા અનુસાર શું તફાવત હશે? તે જાણવા પ્રશ્નોની રચના કરી હતી.

પ્રશ્ન- ૦૧ KCG કાર્યક્રમ અંગેના વિવિધ વિદ્યાશાખાઓના અનુસ્નાતક અધ્યાપકો અને અધ્યાપિકાઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

નિદર્શમાં સમાવિષ્ટ ૩૭ પુરુષો અને ૩૦ સ્ત્રીઓના KCG કાર્યક્રમ અંગેના અભિપ્રાયો શું હશે તે જાણવા માટે બન્ને જૂથના પાત્રોના મળેલા પ્રતિચારોને આધારે શતમાન શોધવામાં આવ્યું હતું. જેની વિગતવાર રજૂઆત સારણી -૨માં કરેલી છે.

સારણી – ૨

જાતિયતા અનુસાર અધ્યાપકોની સંખ્યા, પ્રતિચારોની સંખ્યા અને શતમાન

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રતિચારોની સંખ્યા | | શતમાન | |
|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના |
| ૦૧ | પુરુષ | ૩૭ | ૧૪૩૩ | ૭૮૭ | ૬૫.૫૫ | ૩૫.૪૫ |
| ૦૨ | સ્ત્રી | ૩૦ | ૮૭૧ | ૯૨૯ | ૪૮.૩૯ | ૫૧.૬૧ |

સારણી – ૨નો અભ્યાસ કરતા જણાય છે કે, અધ્યાપકોની કુલ સંખ્યા ૬૭ હતી. જેમાં ૩૭ પુરુષો અને ૩૦ સ્ત્રી હતી. પુરુષો અને સ્ત્રીઓના હકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૬૪.૫૫% અને ૪૮.૩૯% હતું અને નકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૩૫.૪૫% અને ૫૧.૩૧% હતું.

આ પરથી કહી શકાય કે સ્ત્રીઓ કરતા પુરુષોના KCG કાર્યક્રમ પ્રત્યેના અભિપ્રાયો વધારે હકારાત્મક હતા.

૦૨. વિસ્તાર અનુસાર અનુસ્નાતક અધ્યાપકોના અભિપ્રાયોનું પૃથક્કરણ

પ્રયોજકે KCG કાર્યક્રમ અંગેના અનુસ્નાતક અધ્યાપકના અભિપ્રાયો જાણવા માટે અભ્યાસ હાથ ધર્યો હતો. તેમાં વિસ્તાર અનુસાર શું તફાવત હશે તે જાણવા પ્રશ્ન -૨ની રચના કરી હતી.

પ્રશ્ન – ૨ KCG કાર્યક્રમ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરાવતા અનુસ્નાતક અધ્યાપકોના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

નિદર્શમાં સમાવિષ્ટ ૫૦ શહેરી અને ૧૭ ગ્રામ્ય વિસ્તારની વિદ્યાશાખાઓના અધ્યાપકોના KCG કાર્યક્રમ અંગેના અભિપ્રાયો શું હશે તે જાણવા માટે બન્ને જુથના પાત્રોના મળેલા પ્રતિચારોને આધારે શતમાન શોધવામાં આવ્યું

હતું. જેની વિગતવાર રજૂઆત સારણી -૩માં કરેલ છે.

સારણી -૩

વિસ્તાર અનુસાર અનુસ્નાતક અધ્યાપકોની સંખ્યા, પ્રતિચારોની સંખ્યા અને શતમાન

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રતિચારોની સંખ્યા | | શતમાન | |
|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના |
| ૦૧ | પુરુષ | ૩૭ | ૧૪૩૩ | ૭૮૭ | ૬૪.૫૫ | ૩૫.૪૫ |
| ૦૨ | સ્ત્રી | ૩૦ | ૮૭૧ | ૯૨૯ | ૪૮.૩૯ | ૫૧.૬૧ |

સારણી -૩નો અભ્યાસ કરતા જણાય છે કે શહેરી વિસ્તારના ૫૦ અને ગ્રામ્ય વિસ્તારના ૧૭ અધ્યાપકો હતા. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના અનુસ્નાતક અધ્યાપકોના હકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૬૪.૨૩% અને ૩૬.૯૭% હતું અને નકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૩૫.૭૭% અને ૬૩.૦૪% હતું.

આ પરથી કહી શકાય કે, ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારના અનુસ્નાતક અધ્યાપકોના KCG કાર્યક્રમ પ્રત્યેના અભિપ્રાયો વધારે હકારાત્મક હતા.

૧૪.૦ અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રમાણેના તારણો મળ્યા હતા.

૧. KCG કાર્યક્રમ અંગે પુરુષ અને સ્ત્રી અનુસ્નાતક અધ્યાપકોની અભિપ્રાયવલીના પ્રતિચારો સમાન ન હતા એટલે કે સ્ત્રી અધ્યાપકો કરતા પુરુષ અધ્યાપકોના અભિપ્રાયો KCG કાર્યક્રમ પ્રત્યે વધુ ઝોક ધરાવતા હતા.

VIDHYAYANA

૨. KCG કાર્યક્રમ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરાવતા અધ્યાપકોના અભિપ્રાયો સમાન ન હતા. શહેરી વિસ્તારના અનુસ્નાતક અધ્યાપકો KCG કાર્યક્રમ પ્રત્યે વધુ ઝોક ધરાવતા હતા.

## ૧૫.૦ સંદર્ભ સુચિ

ઉચાટ, ડી. એ. (૨૦૧૨), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, (દ્વિતિય આવૃતિ) રાજકોટ, પારસ પ્રકાશન

શાહ દીપીકા બી. (૨૦૦૪) શૈક્ષણિક સંશોધન, અમદાવાદ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

મોલિયામ એમ. એસ. (૨૦૦૦) શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો, રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી